# અમદાવાદ ઝોનના ક્રોસ કન્ટ્રીના ખેલાડી પસંદ

## Cross Country




ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષે ઈન્ટર યુનિ. કક્ષાએ ભાગ લેવા માટે પહેલા કોલેજ લેવલ પર પસંદગી કરવામાં જેમાં અમદાવાદ ઝોનના અનેક ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. અમદાવાદની નવગુજરાત કોલેજના કેમ્પસમાં આવેલી એસ.આર.મહેતા આર્ટસ કોલેજમાં રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં અમદાવાદ ઝોનની 10 મહિલા ખેલાડી અને 12 પુરુષ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. જે મહિલાઓની પસંદગી કરવામાં આવી છે તેમાં દેહગામની ગોરલ સોલંકી, સીમા સોલંકી, એલ.ડી.આર્ટસની ગીતા તમાલીયા, શિતલ વાણીયા, રુચી સિંઘ, સદ્દગુણા આર્ટસ કોલેજની રૂપા સોનારા, શોભા મકવાણા, કાજલ રાઠોડ, રેણુ ઝાલા અને એસ.આર. મહેતા કોલેજની સપના પરમારની પસંદગી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાંથી ઝોનલ લેવલ પર જે પુરુષ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. તેમાં એસ.આર. મહેતા આર્ટસ કોલેજના રવિન્દ્ર, શંકરસિંહ રાજપૂત, સિટી સી.યુ.શાહ કોલેજના ઉમેશ યાદવ, આર્ટસ અને કોમર્સ કોલેજ વિરમગામના દેવલભાઈ સોનારા, આર્ટસ અને કોમર્સ કોલેજ દહેગામના ચીકુ દાંતણિયા, રાષ્ટ્રભાષા કોલેજ અમદાવાદના પ્રદિપ પાલ અને વિજય સેન, અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજના મોનીહાજી રાંધે, રાહુલ વસાવા, વિકાસ વસાવા, એ.પી.પટેલ નરોડાના રાજેશ મકવાણા, આર.સી.કોમર્સ કોલેજના ગોપાલ કુમાવત, એસ.આર.મહેતા કોલેજના શંકરસિંહ રાજપુતની પસંદગી કરવામાં આવી છે.

# અમદાવાદ ઝોનની ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં સદ્દગુણા આર્ટસ કોલેજ વિજેતા



ગુજરાત યુનિ.માં ઝોન કક્ષાએ ખેલાડીઓની પસંદગી કરવા માટે અમદાવાદ ઝોનમાં ક્રોસ કંટરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રોસ કંટરીની સ્પર્ધામાં અમદાવાદ ઝોનની પુરુષ કેટેગરીમાં 31 કોલેજના 120 વિદ્યાર્થી અને મહિલા કેટેગરીમાં 18 કોલેજોની 76 ખેલાડીએ ભાગ લીધો હતો. ઈન્ટર કોલેજની સ્પર્ધામાં અમદાવાદના લાલ દરવાજા ખાતે આવેલી સદ્દગુણા આર્ટસ કોલેજની મહિલા ખેલાડીઓ ટીમ ઈવેન્ટમાં વિજેતા બની હતી જ્યારે એલ.ડી.આર્ટસ કોલેજ રનર્સ અપ બની હતી. પુરુષ કેટેગરીમાં સેંટ ઝેવિયર્સ કોલેજ વિજેતા જ્યારે એમ.બી.રાષ્ટ્રભાષા કોલેજ રનર અપ બની હતી. આ ઉપરાંત પુરુષ અને મહિલા બન્ને ખેલાડીઓની ઝોન લેવલે રમવા માટે 12 પુરુષ અને 10 મહિલા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી.